ફોજદારી કેસ નંબર ૮૮૫/૨૦૨૩

આંક– ૫૭ની બચાવપક્ષની ફરીયાદીની ઉલટતપાસના સ્ટેજે મુદત માંગતી અરજી લગત
હુકમ

અરજી વંચાણે લીધી. પ્રોક્ષી વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદપક્ષે વિ.વ.શ્રીનો મુદત સામે વાંધોનો શેરો વંચાણે લીધો. હાલની ફરીયાદનું કેસ રેકર્ડ વંચાણે લેતા સદર ફરીયાદ સને ૨૦૨૩નાં રોજ દાખલ કરવામાં આવેલ છે અને તારીખ ૧૬/૧૨/૨૦૨૩થી રોજકામ વંચાણે લેતા ફરીયાદીના ઉલટતપાસના સ્ટેજે સદર કેસ આજદીન સુધી વિલંબીત થાય છે. આ કામે ફરીયાદપક્ષે આંક–૪થી સને ૨૦૨૩નાં રોજ રજુ રાખેલ સરતપાસ લગત તારીખ ૭/૧/૨૦૨૫નાં રોજ ફરીયાદી દીગ્વીજયસિંહ જેઠુભા ઝાલાની ઉલટતપાસ કોર્ટ સમય પુર્ણ થતા સાહેદ પુરાવો રજુ કરે ત્યારબાદ વધુ ઉલટતપાસ માટે મુલતવી રાખેલ પરંતુ ત્યારબાદ ફરીયાદપક્ષ વધુ પુરાવો રજુ કરવા અંગે ઈન્કાર કરી ઉલટતપાસ માટે ફરીયાદી કોર્ટ રૂબરૂ હાજર રહેતા હોય અત્રેની અદાલત દ્વારા તારીખ ૪/૭/૨૦૨૫નાં રોજથી બચાવપક્ષને તેઓની માંગણી મુજબની અનુકુળ મુદતો આપવામાં આવેલી છે છતાપણ બપોર બાદ ઉલટતપાસ માટે હાજર રહેશે તેવી રજુઆત મુદત તારીખે કર્યા બાદ મુદતે હાજર ન રહી મુદતોની માંગણી કરેલી છે જે અત્રેની અદાલતે ગ્રાહય રાખેલ છે. જે જોતા બચાવપક્ષને તેઓ ઉલટતપાસ કરી શકે તે અંગે તેઓની અનુકુળ તારીખ તથા બપોર બાદનો અનુકુળ સમય પણ આપવામાં આવેલ હોવા છતા પણ મુદતોની માંગણી કરતા હોય જેથી ફરીયાદીને રૂા. ૧૫૦૦/– કોસ્ટ ચુકવ્યેથી હવે પછીની મુદતે ફરીયાદીની ઉલટતપાસ કરવાની શરતે ન્યાયના વિશાળ હિતમાં એક અંતીમ તક બચાવપક્ષને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે આપવાનો હુકમ કર્યો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ– હળવદ
તારીખ:– ૧૩/૧૦/૨૦૨૫

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,હળવદ
કોડ નં.જી.જે.૦૦૭૧૧.